Ph. D. Registration Date: 08/01/2019

Ragistration No. FOA/1475

- ## પ્રસ્તાવના:

કુન્દનિકા કાપડીઆનાં સર્જનમાં સ્ત્રીવિષયક પ્રશ્નોનું આલેખન થયું છે. જેના કારણે એમનાં સ્ત્રીપાત્રો નકારાત્મક સંવેદનાઓ અનુભવતાં જોવા મળે છે. વિવિધ ભાવસંવેદનોને કારણે સ્ત્રીપાત્રોની સંઘર્ષમય સ્થિતિ તેમની વાર્તાઓમાં જોઈ શકાય છે. સ્ત્રીનો ભાવનાત્મક સંઘર્ષ એમની ટૂંકીવાર્તાઓમાં ધ્યાનાકર્ષક બની રહે છે. આ કારણે મેં કુન્દનિકા કાપડીઆની ટૂંકીવાર્તાઓમાં રહેલ સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણ હાથ ધરેલ છે.

મારા શોધગ્રંથનું શીર્ષક છે: 'કુન્દનિકા કાપડીઆની પસંદ કરેલી સર્જનાત્મક ગદ્યકૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષોનું વિશ્લેષણાત્મક અધ્યયન.'

- ## શોધગ્રંથના પ્રકરણોની માહિતી:

આ અભ્યાસ અંતર્ગત મેં કુન્દનિકા કાપડીઆની ચયન કરેલ ટૂંકીવાર્તાઓનો અભ્યાસ કર્યો છે. નક્કી કરાયેલાં હેતુઓને ધ્યાનમાં રાખીને એની વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે. યોગ્ય વિશ્લેષણ થઈ શકે એ હેતુસર આ શોધગ્રંથને મુખ્યત્વે સાત પ્રકરણમાં વિભાજીત કરવામાં આવ્યો છે. દરેક પ્રકરણમાં કરેલ કાર્યની વિગત નીચે મુજબ છે.

- ## **પ્રકરણ-૧:** કુન્દનિકા કાપડીઆનો સર્જક તરીકે પરિચય:

આ પ્રકરણમાં સાહિત્યકાર કુન્દનિકા કાપડીઆનાં જીવન વિશે વિસ્તૃત માહિતી આપવાનો પ્રયાસ છે. પ્રકરણની ભૂમિકા બાંધવા માટે સૌપ્રથમ ગુજરાતી સાહિત્યનાં ઇતિહાસમાં સ્ત્રીસાહિત્યકારોએ આપેલ યોગદાન વિશે આછેરી ઝલક નિરૂપાઈ છે. વાર્તાકારનાં શૈશવથી માંડીને અનંતની યાત્રા સુધીનાં

જીવનકાર્યોની માહિતી આપવાનો હેતુ આ પ્રકરણમાં નિહિત છે. એમની જીવનયાત્રાને સ્પર્શતા મુદ્દાઓને અહીં આવરી લેવામાં આવ્યાં છે. આ માહિતી મેળવવા માટે મેં નંદિગ્રામ ખાતે વાર્તાકાર સાથે રૂબરૂ મુલાકાત કરેલ હતી. એમની પાસેથી મળેલ માહિતીને અહીં નોંધવામાં આવી છે. એમનાં વિશેની માહિતી આપતાં અન્ય સંદર્ભસાહિત્યનો ઉપયોગ અને અભ્યાસ કરીને આ પ્રકરણ તૈયાર કરવામાં આવ્યું છે.

- **પ્રકરણ-૨:** ભાવનાત્મક સંઘર્ષનું સ્વરૂપ અને વર્ગીકરણ:

આ પ્રકરણમાં ભાવનાત્મક સંઘર્ષનું સ્વરૂપ અને વર્ગીકરણ દર્શાવાયું છે. વિવિધ ભાવનાઓ અને તેનાથી અનુભવાતા સંઘર્ષને આ પ્રકરણમાં સમજવાનો હેતુ નિહિત છે. આ માટે સૌપ્રથમ ભાવનાઓ વિશેની સમજ અહીં આપવામાં આવી છે. મનુષ્યમાં ઉત્પન્ન થતી નકારાત્મક ભાવનાઓ એના વિકાસ અને વિનાશ માટે કારણભૂત બનતી હોય છે. એનું સંશોધન મનોવિજ્ઞાનીઓ માટે રસપ્રદ રહ્યું છે. આ કારણે તે અભ્યાસનો એક મહત્વનો મુદ્દો બન્યો છે. પ્રકરણની શરૂઆતમાં મનોવિજ્ઞાનની ભૂમિકા સ્પષ્ટ કરાઈ છે. ત્યારબાદ મનોવિજ્ઞાનના એક મહત્વના વિષય તરીકે 'ભાવના શું છે?' તે સમજાવાયું છે. ત્યારબાદ ભાવનાની ઉત્પત્તિના ઇતિહાસ વિશેની થોડી વાત કરાઈ છે. ભારતદેશમાં 'ભાવના' શબ્દનાં મૂળ ક્યાં જોવા મળ્યાં છે તે પણ નોંધવામાં આવ્યું છે.

આ પ્રકરણમાં મનોવિજ્ઞાનની મૂળભૂત છ ભાવનાઓની ચર્ચા કરવામાં આવી છે. આવી ભાવનાઓની અસરથી વ્યક્તિમાં કેવાં પ્રકારનાં આંતરબાહ્ય પરિવર્તનો થાય છે તે સમજાવાયું છે. તે ઉપરાંત અન્ય નકારાત્મક ભાવનાઓ કે જે વ્યક્તિમાં સંઘર્ષની સ્થિતિ જન્માવે છે એનો પણ ખ્યાલ અપાયો છે. વ્યક્તિમાં તે કઈરીતે ઉદ્દીપ્ત થાય છે એની સમજ માટે માનસિક પ્રક્રિયાની સમજ આપેલ છે. ત્યારબાદ નકારાત્મક ભાવનાઓ વડે ઉદ્દભવતા સંઘર્ષનો ખ્યાલ આપવામાં આવ્યો છે. આવા સંઘર્ષની વ્યક્તિ પર થતી અસરોની માહિતી અહીં આપવામાં આવી છે. રોજિંદાજીવનમાં સ્ત્રીને ઘણાં પરિબળો સાથે સંઘર્ષમાં મૂકાવું પડે છે. એનાં ભાવનાત્મક સંઘર્ષને પોષક મુખ્ય પરિબળોને ધ્યાને લેવાથી સાહિત્યકૃતિઓને વધુ સારીરીતે સમજી શકાય. એ હેતુસર એને કઈરીતે વર્ગીકૃત કરી શકાય તેની સમજ અહીં આપેલ છે.

## • **પ્રકરણ-3**: કુન્દનિકા કાપડીઆની કૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષોનું સ્વરૂપ અને વર્ગીકરણ:

આ પ્રકરણમાં કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં રહેલ સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનાં સ્વરૂપ અને વર્ગીકરણનું આલેખન છે. આ માટે તેમનાં વાર્તાસંગ્રહોનો અભ્યાસ કરી તેમાંથી સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ નિરૂપતી વાર્તાઓનું ચયન કરવામાં આવ્યું છે. તેમાં આલેખાયેલા સંઘર્ષને સમજવા માટે તેને મુખ્યત્વે પાંચ ભાગમાં વર્ગીકૃત કરાયો છે. જે નીચે મુજબ છે.

- સ્ત્રીનો સ્વ સાથેનો ભાવનાત્મક સંઘર્ષ
- સ્ત્રીનો પુરુષ સાથેનો ભાવનાત્મક સંઘર્ષ
- સ્ત્રીનો સમાજ સાથેનો ભાવનાત્મક સંઘર્ષ
- સ્ત્રીનો સ્ત્રી સાથેનો ભાવનાત્મક સંઘર્ષ
- સ્ત્રીનો અન્ય સાથેનો ભાવનાત્મક સંઘર્ષ

આ વિશ્લેષણમાં સ્ત્રીપાત્રોનાં ભાવનાત્મક સંઘર્ષને પ્રથમ પ્રાધાન્ય અપાયું છે. ત્યારબાદ અન્ય પાત્રોનાં સંઘર્ષને ધ્યાને લેવામાં આવ્યો છે. જે વાર્તાઓમાં એક કરતાં વધુ સ્ત્રીપાત્રો છે ત્યાં મુખ્ય પાત્રના સંઘર્ષને પ્રથમ સ્થાન અપાયું છે. ઉપરોક્ત દર્શાવેલ જૂથમાંથી જે જૂથમાં સૌથી વધુ વાર્તાઓ મળે છે તેને અગ્રીમતા આપી છે. આ રીતે તમામ જૂથને ચઢતાથી ઊતરતા ક્રમમાં ગોઠવેલ છે. ત્યારબાદ દરેક વાર્તાજૂથને સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષની દૃષ્ટિએ ચકાસવામાં આવ્યા છે.

(૧) સ્ત્રીનો સ્વ સાથેનો ભાવનાત્મક સંઘર્ષ: ઘણીવાર એવું જોવા મળે છે કે સ્ત્રીના સંઘર્ષ માટે અસરકર્તા પરિબળને કારણે તેનામાં વિચારો કે કલ્પનાઓ જાગૃત થાય છે. આ કારણે તે કોઈને કશું જણાવ્યા વિના મનોમન પોતાની જાત સાથે સંઘર્ષ અનુભવતી જોવાય છે. આવા સંઘર્ષને સ્વ સંઘર્ષ તરીકે અહીં લેવામાં આવ્યો છે. આ મુજબ વાર્તાનાં સ્ત્રીપાત્રોનો સ્વ સંઘર્ષ રજૂ કર્યો છે.

(૨) સ્ત્રીનો પુરુષ સાથેનો ભાવનાત્મક સંઘર્ષ: કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સ્ત્રીવિષયક પ્રશ્નોનું આલેખન જોવા મળે છે. જેના કારણે ઉદ્દભવતા સંઘર્ષ માટે જવાબદાર પુરુષપાત્રો પણ અહીં જોવા મળે છે. ક્યારેક તેમનું વર્તન સ્ત્રીપાત્રોને અણગમતું બન્યું છે. જે સ્ત્રીસંઘર્ષને ઉદ્દીપ્ત કરે છે. વિવિધ બાબતોને લીધે ઉત્પન્ન થતો સ્ત્રીનો પુરુષ સાથેનો સીધો સંઘર્ષ આ વિભાગમાં દર્શાવાયો છે.

(૩) સ્ત્રીનો સ્ત્રી સાથેનો ભાવનાત્મક સંઘર્ષ: જીવનનાં વિવિધ તબક્કાઓ દરમ્યાન એક સ્ત્રીનો અન્ય સ્ત્રી સાથે સંબંધ બંધાય છે. સ્ત્રી તરીકે તેણે મા, દીકરી, બહેન, ભાભી, સાસુ, વહુ જેવી ભૂમિકાઓમાંથી પસાર થવું પડે છે. આવા સંબંધોમાં ક્યારેક વિચારોમાં અસમાનતા આવવાથી તે એકબીજા પ્રત્યે સંઘર્ષ અનુભવતી જોવા મળે છે. સ્ત્રીનો સ્ત્રી સાથેનો ભાવનાત્મક સંઘર્ષ દર્શાવતી વાર્તાઓ અહીં રજૂ થઈ છે.

(૪) સ્ત્રીનો સમાજ સાથેનો ભાવનાત્મક સંઘર્ષ: આ પ્રકારનો સંઘર્ષ એમની વાર્તાઓમાં જોવા મળતો નથી.

(૫) સ્ત્રીનો અન્ય સાથેનો ભાવનાત્મક સંઘર્ષ: આ પ્રકારનો સંઘર્ષ એમની વાર્તાઓમાં જોવા મળતો નથી.

વાર્તાઓમાં રહેલ સ્ત્રીનાં સમાજ સાથેનાં અને અન્ય સાથેનાં સંઘર્ષને ચકાસવા માટે વર્ગીકરણમાં તેને સ્થાન આપેલ હતું. વાર્તાઓનાં વિશ્લેષણ બાદ જણાય છે કે આ બંને પરિબળોને કારણે તેમનાં સ્ત્રીપાત્રો મનોમન સંઘર્ષ અનુભવે છે. આથી કહી શકાય કે આ બંને પરિબળો સ્ત્રીના સ્વ સંઘર્ષને પોષવા માટે સહાયક બન્યાં છે. આમ, એમની વાર્તાઓમાં સ્ત્રીનો સમાજ સાથેનો કે અન્ય સાથેનો સીધો સંઘર્ષ જોવા મળતો નથી.

આ વર્ગીકરણ મુજબ ચયન કરેલી દરેક વાર્તાને સ્ત્રીવિષયક ભાવનાત્મક સંદર્ભે ચકાસવામાં આવી છે. દરેક જૂથનાં આરંભે પ્રસ્તાવના મૂકવામાં આવી છે. ત્યારબાદ જૂથની વાર્તાઓનાં સ્ત્રીપાત્રો કેવી રીતે અને કોની સાથે ભાવનાત્મક સંઘર્ષ અનુભવે છે તેની સમજ આપવામાં આવી છે. આ રીતે સ્ત્રીનાં ભાવનાત્મક સંઘર્ષનું સ્વરૂપ સમજાવ્યું છે. જૂથની વાર્તાઓનું સમગ્રલક્ષી અવલોકન કરી અંતમાં સમાપન

રજૂ કરાયું છે. તમામ જૂથને ધ્યાને રાખી પ્રકરણનાં અંતે સમગ્રલક્ષી અવલોકન કરીને સારાંશની નોંધ કરવામાં આવી છે.

- **પ્રકરણ-૪**: કુન્દનિકા કાપડીઆની ચયન કરેલ કૃતિઓમાં નિરૂપિત ભાવનાત્મક સંઘર્ષોનું વિશ્લેષણ:

આ પ્રકરણમાં પસંદ કરેલી વાર્તાઓમાં રહેલ સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણ કરાયું છે. અહીં સ્ત્રી કે અન્ય પાત્રનાં ભાવનાત્મક સંઘર્ષ માટે કઈ નકારાત્મક ભાવના કારણભૂત છે એની ચકાસણી કરી છે. આ અભ્યાસ માટે મુખ્યત્વે નવ નકારાત્મક ભાવનાઓ લીધેલ છે. જેમાં ભય, ક્રોધ, હતાશા, ધૃણા, ઇચ્છા, પીડા, અફસોસ, તિરસ્કાર અને ઈર્ષ્યાની ભાવનાને સામેલ કરવામાં આવી છે.

વાર્તામાં જે ભાવના સાથે સ્ત્રીનો સંઘર્ષ વધુ જોવા મળે છે તે જૂથને અહીં પ્રથમ મૂકવામાં આવ્યું છે. એ રીતે દરેક સંવેદનજૂથને ચઢતાથી ઊતરતા ક્રમમાં ગોઠવી વાર્તાઓમાં રહેલ સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. દરેક જૂથનાં આરંભે પ્રસ્તાવના રજૂ થઈ છે. વાર્તાઓમાં વિવિધ ગૌણ ભાવનાઓ વડે શરૂ થતો સંઘર્ષ કઈ રીતે મૂળભૂત ભાવનામાં પરિણમે છે. જેના થકી આ ભાવનાઓ કઈ રીતે પાત્રોને સંઘર્ષમય અવસ્થામાં મૂકી આપે છે એની વિસ્તૃત ચર્ચા અહીં કરવામાં આવી છે. જરૂર જણાય ત્યાં પાત્રોનાં મનોસંઘર્ષને આલેખતાં વિધાનો પણ ટાંકવામાં આવ્યાં છે. જેથી પાત્રના ભાવનાત્મક સંઘર્ષને વધુ સ્પષ્ટ કરી શકાય. આ રીતે વિશ્લેષણ કર્યા બાદ અંતમાં જૂથનું સમાપન કરવામાં આવ્યું છે. જેમાં જૂથની દરેક વાર્તાઓનું અવલોકન કરી એ સંદર્ભે મળતા મુદ્દાઓ અને વિગતોને નોંધવામાં આવ્યા છે. આ રીતે દરેક સંવેદન જૂથનું વિશ્લેષણ કરાયું છે.

અંતમાં સમગ્ર પ્રકરણનું અવલોકન કરીને સારાંશ તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ સંદર્ભે સમગ્રલક્ષી અવલોકન કરેલ છે. આ દ્વારા જે મુદ્દાઓ મળેલ છે તેની નોંધ અહીં કરવામાં આવી છે. આ રીતે આ પ્રકરણમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણાત્મક અધ્યયન કરવામાં આવ્યું છે.

- **પ્રકરણ-૫:** કુન્દનિકા કાપડીઆની કૃતિઓમાં રહેલ ભાવનાત્મક સંઘર્ષોના સૂચિત નિરાકરણ અને તેનું વિશ્લેષણ:

આગળના પ્રકરણ-૪ની જેમ જ આ પ્રકરણની વાર્તાઓની સંવેદન મુજબ જૂથ ગોઠવણી કરાઈ છે. દરેક સંવેદન જૂથમાં વાર્તાનાં પાત્રોએ અપનાવેલ નિરાકરણને ધ્યાને લેવાયાં છે.

કુન્દનિકા કાપડીઆની ટૂંકીવાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વર્ગીકરણ અને સ્વરૂપની ચર્ચા આગળના પ્રકરણ ત્રણ અને ચારમાં કરવામાં આવી છે. તેમની વાર્તાઓમાં નિરૂપિત સ્ત્રીપાત્રોનાં આવા સંઘર્ષનું વિશ્લેષણ કર્યા બાદ આ પ્રકરણ લખાયું છે. અહીં વિવિધ સંવેદન જૂથની વાર્તાઓને ભાવનાત્મક સંઘર્ષનાં નિરાકરણો સંદર્ભે તપાસવામાં આવી છે. દરેક જૂથમાં નિરાકરણ મળતાં હોય તેવી વાર્તાઓ પ્રથમ અને ત્યારબાદ નિરાકરણ દર્શાવ્યાં ના હોય તેવી વાર્તાઓ દર્શાવી છે. જૂથની શરૂઆત પ્રસ્તાવનાથી કરી છે. ત્યારબાદ દરેક વાર્તાઓમાં ભાવનાત્મક સંઘર્ષમાંથી બહાર નીકળવા માટે સ્ત્રીપાત્રો શું કરે છે?, તે કયો માર્ગ અપનાવે છે?, સંઘર્ષમાંથી મુક્ત થવા વાર્તાકારે કયા પ્રકારનાં નિરાકરણો દર્શાવ્યાં છે?, આ નિરાકરણો સુખદ છે કે દુ:ખદ? વગેરે જેવા મુદ્દાઓને અહીં ચકાસવામાં આવ્યા છે. જૂથની વાર્તાઓને નિરાકરણ સંદર્ભે ચકાસ્યા પછી દરેક જૂથનાં અંતે સમાપનની વિગતો નોંધવામાં આવી છે. અંતે પ્રકરણનો સમગ્રલક્ષી અભ્યાસ કર્યો છે. તેમાંથી મળતી બાબતોને સારાંશ તરીકે રજૂ કરવામાં આવી છે.

- **પ્રકરણ-૬:** કુન્દનિકા કાપડીઆની કૃતિઓમાં રહેલ ભાવનાત્મક સંઘર્ષની સાહિત્યિક લાક્ષણિકતાઓ:

આ પ્રકરણની શરૂઆતમાં સામાન્યલેખન અને સાહિત્યિકલેખન વચ્ચે શું તફાવત છે તેની સમજ આપવામાં આવી છે. સાહિત્યિક પ્રયુક્તિના યોગ્ય ઉપયોગ વડે લેખનને વધુ રસપ્રદ અને અસરકારક બનાવી શકાય છે. સાહિત્યકારો દ્વારા પ્રયોજાતી આવી પ્રયુક્તિઓને અહીં નોંધવામાં આવી છે. ત્યારબાદ

સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનાં આલેખન માટે વાર્તાકારે કઈ પ્રયુક્તિઓનો ઉપયોગ કર્યો છે તે ચકાસવામાં આવ્યું છે. ટૂંકીવાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ સંદર્ભે વાર્તાકારે પ્રયોજેલી પ્રયુક્તિઓ આ મુજબ છે.

- આત્મકથનાત્મક પ્રયુક્તિ (પ્રથમ પુરુષ એકવચન કથનકેન્દ્ર)
- કથનાત્મક પ્રયુક્તિ (ત્રીજો પુરુષ એકવચન કથન કેન્દ્ર )
- પીઠઝબકાર પ્રયુક્તિ (ફ્લૅશબૅક – Flash Back)
- દ્વિકેન્દ્રી પ્રયુક્તિ (બાયફોકલ – Bifocal)
- ચેતનાપ્રવાહ
- મનોગત એકોક્તિ અથવા આંતરિક એકોક્તિ
- પ્રતીક
- સહોપસ્થિતિ
- પત્ર
- સ્વપ્ન પ્રયુક્તિ
- સંવાદ
- ભાષાશૈલી

દરેક સંવેદનજૂથમાં વાર્તાઓને સંઘર્ષનિરૂપણ માટે ઉપયોગમાં લીધેલ પ્રયુક્તિઓ મુજબ ચઢતાથી ઊતરતા ક્રમમાં ગોઠવેલ છે. આ ગોઠવણીમાં ભાવનાત્મક સંઘર્ષને દર્શાવવા વાર્તાકારે જેનો વિશેષ ઉપયોગ કર્યો હોય તેવી પ્રયુક્તિઓ દર્શાવતી વાર્તાઓ પ્રથમ મૂકવામાં આવી છે. ત્યારબાદ એનાથી ઊતરતા ક્રમની પ્રયુક્તિઓ મુજબ વાર્તા ગોઠવણી કરેલ છે.

દરેક સંવેદનજૂથની શરૂઆતમાં પ્રસ્તાવના મૂકવામાં આવી છે. ત્યારબાદ જૂથની વાર્તાઓમાં ભાવનાત્મક સંઘર્ષને વર્ણવવા માટે પ્રયુક્તિઓ કઈરીતે સહાયક બની છે તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. વાર્તાઓમાં આવતી સહાયક પ્રયુક્તિઓનો નિર્દેશ પણ અહીં છે. આ રીતે ઉપયોગમાં લેવાયેલ

પ્રયુક્તિઓની સમજ અને એનું વર્ગીકરણ આ પ્રકરણમાં સામેલ છે. દરેક જૂથનાં અંતે સમાપન છે. જેમાં જૂથની વાર્તાઓનું પ્રયુક્તિઓ સંદર્ભે સમગ્રલક્ષી અવલોકન રજૂ કરાયું છે. અંતે સમગ્ર પ્રકરણનો અભ્યાસ કરી સારાંશ દર્શાવવામાં આવ્યો છે.

- **પ્રકરણ -૭**: ઉપસંહાર

આ સંશોધનકાર્ય દ્વારા કુન્દનિકા કાપડીઆની ટૂંકીવાર્તાઓમાં રહેલ સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ સંદર્ભે વાત કરાઈ છે. તે સંદર્ભે તેમની વાર્તાઓમાં રહેલ સ્ત્રીપાત્રોનાં ભાવવિશ્વને અહીં ઉજાગર કરાયું છે. જાણ્યે અજાણ્યે તેમનાં સ્ત્રીપાત્રો કઈરીતે માનસિક સંઘર્ષ અનુભવે છે તેની વાત કરાઈ છે. તેમનાં ભાવનાત્મક સંઘર્ષનાં સ્વરૂપને સમજાવ્યું છે.

આ પ્રકરણમાં આખા શોધનિબંધનો નિષ્કર્ષ છે. વિવિધ પ્રકરણોના સમજપૂર્વકના અભ્યાસ બાદ અંતે કેટલીક બાબતો ચોક્કસ તારણો સ્વરૂપે બહાર આવે છે. આવાં તારણોને આ પ્રકરણમાં રજૂ કરવામાં આવ્યાં છે.